દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૧૨ જૂન, ૨૦૨૬

# ભારતીય પ્રદેશ પર નજર રાખવા પાકિસ્તાને સેટેલાઇટ નેટવર્ક વિકસાવ્યું: ભારતે સતર્ક રહેવું પડશે

ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાન યુદ્ધના આરેથી પાછા હઠ્યા તેના એક વર્ષ કરતાં પણ વધુ સમય બાદ, પૃથ્વીથી સેંકડો કિલોમીટર ઉપર એક શાંત વ્યૂહાત્મક સ્પર્ધા ખેલાઈ રહી છે. ભારતે પોતાના ભૂનિરીક્ષણ ઉપગ્રહો વડે પાકિસ્તાનના લશ્કરની હિલચાલ પર નજર રાખવાનું શરૂ કર્યું છે તો પાકિસ્તાને ચીનના વ્યાપક સમર્થન સાથે, અવકાશ આધારિત દેખરેખ ક્ષમતાઓનો ઝડપથી વિસ્તાર કર્યો છે. તેણે માત્ર ૧૬ મહિનામાં છ અર્થ-ઓબ્ઝર્વેશન (પૃથ્વીનું નિરીક્ષણ કરતા) સેટેલાઇટ લોન્ચ કરીને ભારતીય પ્રદેશ પર નિયમિતપણે નજર રાખવા સક્ષમ એક નવું સેટેલાઇટ નેટવર્ક ઊભું કર્યું છે. તેના આ નેટવર્કના વિકાસની આ અણધારી ગતિ પાકિસ્તાનના પરંપરાગત રીતે અત્યંત ધીમા સ્પેસ પ્રોગ્રામ કરતાં બિલકુલ વિપરીત છે. જો કે પાકિસ્તાનની પોતાની એવી હેસિયત નથી કે તે પોતાના જોરે આવુ નેટવર્ક આટલી ઝડપથી વિકસાવી શકે, આ તેણે દેખીતી રીતે જ ચીનની મદદથી કર્યું છે પરંતુ ભારત માટે તો આ બાબત ચિંતાજનક જ છે.

પાકિસ્તાની અવકાશ સંસ્થા સ્પેસ એન્ડ અપર એટમોસ્ફિયર રિસર્ચ કમિશન(SUPARCO) ની ૧૯૬૧માં સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીના કેટલાક દાયકાઓમાં પાકિસ્તાને માત્ર ગણતરીના સેટેલાઇટ જ લોન્ચ કર્યા હતા. તેમ છતાં, જાન્યુઆરી ૨૦૨૫થી એપ્રિલ ૨૦૨૬ વચ્ચે, તેણે છ નવા અર્થ-ઓબ્ઝર્વેશન સેટેલાઇટ તૈનાત કર્યા છે, જેમાં ઓપ્ટિકલ ઇમેજિંગ, હાઇપરસ્પેક્ટ્રલ અને રિમોટ-સેન્સિંગ પ્લેટફોર્મનો સમાવેશ થાય છે. રસપ્રદ વાત એ છે કે, આ લોન્ચિંગની શરૂઆત પહેલગામ હુમલા અને ભારત દ્વારા શરૂ કરાયેલી 'ઓપરેશન સિંદૂર' જવાબી કાર્યવાહી પહેલાં જ થઈ ગઈ હતી. નિષ્ણાતોનું કહેવું છે કે આનું મહત્વ માત્ર સેટેલાઇટની સંખ્યામાં નથી, પરંતુ તેઓ સામૂહિક રીતે શું કરી શકે છે તેમાં રહેલું છે. ''આ ૧૬ મહિનાના ટૂંકા ગાળામાં જે સેટેલાઇટ નેટવર્ક ઊભું થયું છે તે માત્ર એક સિવિલિયન અર્થ ઓબ્ઝર્વેશન સિસ્ટમ નથી કે જે લશ્કરી ઉપયોગમાં પણ કામ આવી જાય. આનું ઓર્બિટલ આર્કિટેક્ચર, તેના સેન્સર્સ અને સૌથી વધુ તો આની પાછળ રહેલી સંસ્થાઓ એક જુદી અને વધુ ગંભીર વાર્તા બયાન કરે છે'' તેમ ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ ફલેગ ઓફિસર રીઅર એડમિરલ સુધીર પિલ્લાઈએ તાજેતરના લોન્ચિંગનું વિશ્લેષણ કરતા એક બ્લોગ પોસ્ટમાં જણાવ્યું હતું. 'ધ પ્રિન્ટ' ના અહેવાલ મુજબ, આ સેટેલાઇટ નેટવર્કમાં હાઇ-રિઝોલ્યુશન ઇમેજરી (ઉચ્ચ ગુણવત્તાવાળી તસવીરો) લેવા, જમીન પર થતા ફેરફારોને ઓળખવા, છુપાવેલી વસ્તુઓ શોધી કાઢવા અને વ્યૂહાત્મક હિત ધરાવતા વિસ્તારો પર સતત નજર રાખવા સક્ષમ સેટેલાઇટ્સનો સમાવેશ થાય છે. આમાં HS-1 સેટેલાઇટ છે જે ઓક્ટોબર ૨૦૨૫માં લોન્ચ કરાયેલ પાકિસ્તાનનો હાઇપરસ્પેક્ટ્રલ સેટેલાઇટ છે જે જુદી જુદી સામગ્રીઓ વચ્ચે તફાવત પારખી શકે છે અને એવી વસ્તુઓને પણ ઓળખી શકે છે જે સામાન્ય ઓપ્ટિકલ સેન્સર્સની નજરમાંથી બચી જતી હોય છે. ઉપરાંત PRSC-EO2 અને PRSC-EO3 ઉપગ્રહો છે જે નવા સેટેલાઇટ્સમાં અદ્યતન ઇમેજિંગ અને AI-આધારિત ડેટા પ્રોસેસિંગ ક્ષમતાઓ સામેલ છે.

આ પ્રગતિનો મોટો હિસ્સો ચીન દ્વારા સંભવ બન્યો છે. આમાંના કેટલાક સેટેલાઇટ ચીની રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યા હતા, જ્યારે અન્ય પાકિસ્તાની અને ચીની સંસ્થાઓ વચ્ચેના સહયોગથી વિકસાવવામાં આવ્યા હતા. વિશ્લેષકોનું માનવું છે કે આ ભાગીદારી માત્ર લોન્ચિંગ સેવાઓ પૂરતી સીમિત નથી, પરંતુ તેમાં ટેક્નોલોજી ટ્રાન્સફર, સેટેલાઇટ ડિઝાઇન અને ડેટા શેરિંગની વ્યવસ્થાઓ પણ સામેલ છે. એપ્રિલ ૨૦૨૬માં લોન્ચ થયેલો PRSC-EO3 સેટેલાઇટ એક ખાસ નોંધપાત્ર કિસ્સો છે. યુએસ સ્થિત સ્પેસ સિચ્યુએશનલ અવેરનેસ ફર્મ 'COMSPOC'ના સ્વતંત્ર વિશ્લેષણ સૂચવે છે કે આ સેટેલાઇટને વૈશ્વિક કવરેજ આપવાને બદલે દક્ષિણ એશિયા પર વારંવાર નજર રાખી શકાય તેવી ઓર્બિટમાં ગોઠવવામાં આવ્યો છે. આવી ભ્રમણકક્ષા તેને પાકિસ્તાન અને જમ્મુ-કાશ્મીર સહિત ઉત્તર ભારત પરથી વારંવાર પસાર થવા દે છે, જેનાથી દિવસમાં આ વિસ્તારો પર ઘણી વખત નજર રાખી શકાય છે. સ્પેસ અને સંરક્ષણ નિષ્ણાતો દલીલ કરે છે કે આ ઉભરી રહેલી સર્વેલન્સ સિસ્ટમ પાકિસ્તાનને સમગ્ર પ્રદેશમાં સૈન્ય તૈનાતી, માળખાકીય વિકાસ અને વ્યૂહાત્મક પ્રવૃત્તિઓનું વધુ સ્પષ્ટ ચિત્ર પ્રદાન કરી શકે છે. ચીનના પોતાના અત્યાધુનિક અર્થ ઓબ્ઝર્વેશન નેટવર્ક સાથે મળીને, આ સિસ્ટમ ઇસ્લામાબાદની ગુપ્તચર માહિતી એકત્ર કરવાની ક્ષમતામાં મોટો વધારો કરી શકે છે. આ ઘટના વિકાસ એવા સમયે સામે આવ્યો છે જે ભારત માટે સંવેદનશીલ ગણી શકાય. છેલ્લા બે વર્ષમાં, ઈસરોને તેના કેટલાક વ્યૂહાત્મક સેટેલાઇટ મિશનોમાં આંચકાઓનો સામનો કરવો પડ્યો છે, જેમાં અર્થ-ઓબ્ઝર્વેશન અને નેવિગેશન પ્રોગ્રામ્સને અસર કરતી નિષ્ફળતાઓનો સમાવેશ થાય છે. કેટલાક વિશ્લેષકો ચેતવણી આપે છે કે ભારત એકંદરે સ્પેસ સેક્ટરમાં ઘણું આગળ છે, તેમ છતાં દેશના વ્યૂહાત્મક ફોકસે પડોશમાં ઝડપથી વિકસતી લશ્કરી-અવકાશ ક્ષમતાઓ સાથે તાલ મિલાવવો જ પડશે. હવેના યુદ્ધો ફક્ત જમીન પરના શસ્ત્રોની મદદથી નહીં પણ અવકાશી ક્ષમતાઓની મદદથી પણ લડાશે એ સ્પષ્ટ થઇ રહ્યું છે અને ચીનની મદદથી પાકિસ્તાનની અવકાશમાં પણ હાજરી વધી રહી છે. પાડોશના બે ખારીલા શત્રુઓ ભેગા મળીને જે પેંતરા રચી રહ્યા છે તેના તરફ જરાયે ગાફેલ રહેવાનું ભારતને પાલવે તેમ નથી, તેણે સંપૂર્ણ સાવધ રહેવું જ પડશે.

## ઈશ્વરની નજીક જવા

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક મંદિરમાં બહુ મોટા શેઠ આવ્યા ને તેમણે મંદિરમાં મોટો અન્નકૂટ પ્રભુની સમક્ષ ધરાવ્યો, હજારોનો ખર્ચો કર્યો. પોતે ભગવાનના સૌથી મોટા ભક્ત હોવાનો ભાર લઈને તેઓ ફરી રહ્યા હતા અને બધાને પ્રસાદ આપી રહ્યા હતા.મંદિરમાં મૂર્તિ સ્વરૂપે રહેલાં લક્ષ્મીજીએ બાજુમાં ઊભેલા નારાયણને પૂછ્યું, ''પ્રભુ, આજે આ શેઠ ભક્ત તમારી પાસે આવી શક્યા?'' નારાયણ હસ્યા અને બોલ્યા, ''ના દેવી, તમે તો જાણો છો મારી પાસે આવવા બહાર અહમ્ ત્યજી હલકા થવું પડે જયારે આ શેઠના મનમાં તો હું મોટો ભક્ત છું નો અહમ્ છે અને અહમના ભાર સાથે મારી પાસે ન આવી શકાય...'' શેઠ પ્રસાદ વેચી રહ્યા હતા ત્યાં નગરના સૌથી મોટા વેપારી પધાર્યા અને તેમને પ્રભુને સોનાના તારથી ભરેલાં વસ્ત્રો ધરાવ્યાં અને બધાને વસ્ત્રનું દાન કરવા લાગ્યા. તેમના મનમાં હતું કે મેં આવીને કેવા પેલા શેઠને ઝાંખા પાડી દીધા... દેવી લક્ષ્મીએ પ્રભુ સામે જોયું. આંખોમાં એ જ પ્રશ્ન કે આ ભક્ત તમારી નજીક આવશે, જેણે તમને સોનાનાં વસ્ત્રો પહેરાવ્યાં. પ્રભુ ફરી ના પાડતાં હસ્યા અને બોલ્યા, ''દેવી, આ ભક્તિ નથી. બીજા શેઠ પ્રત્યેની ઈર્ષ્યા વધારે છે એટલે મનમાં આવા ઈર્ષ્યાના ભાવ સાથેની ભક્તિ મને પસંદ નથી.'' થોડો સમય વીત્યો ત્યાં એક માણસ લાંબીલચક માંગણીઓ ભરેલી પ્રાર્થના લઈને આવ્યો અને બોલ્યો, ''પ્રભુ, હું તમારો દાસ છું. મને જે જોઈએ છે તે બધું આપી દો તો હું તમને સવા કિલો કેસર પેંડા..... [પછી અટકીને મનમાં વિચાર્યું કેસર પેંડાં મોંઘાં પડશે]...ના ના સવા કિલો માવાનાં પેંડાં ચઢાવીશ.'' લક્ષ્મીજી બોલ્યાં, ''પ્રભુ, આ ભક્તમાં તો મને કોઈ ભાર દેખાતો નથી. તેને તમારી નજીક સ્વીકારશો ને...'' પ્રભુ હસીને બોલ્યા, ''છે ભાર છે. મનમાં લોભ અને લાલચનો ભાર છે. પ્રાર્થના સાંભળી નહિ તેની? કેટલું બધું જોઈએ છે અને આપવા છે સવા કિલો માવાનાં પેંડાં!'' લક્ષ્મીજી બોલ્યાં, ''તેમાં શું થઈ ગયું પ્રભુ, તમને કયાં કંઈ જોઈએ છે. તમે તો ભાવના ભૂખ્યા છો...'' ભગવાન બોલ્યા, ''દેવી, મને સાચો ભક્ત જોઈએ છે જેના મનમાં સાચો પ્રેમ ,લાગણી ,નમ્રતા, દયા હોય, જેના મન અને મગજમાં અહમ્ , લોભ, લાલચ, ઈર્ષ્યાનો ભાર ન હોય.જે ભક્ત આ ભારનાં પોટલાં ત્યજીને મારી પાસે પ્રેમથી આવશે અને એક ફૂલ ધરશે તો પણ મારા આશીર્વાદ મેળવી શકશે પણ લોભ, અહમ્, ઈર્ષ્યાના ભાર સાથે તે જે કંઈ પણ ધરાવે મને મંજૂર નથી. હું તેને સ્વીકારતો નથી.'' મંદિરની મૂર્તિમાં બિરાજમાન દેવી લક્ષ્મી અને નારાયણનો આ સંવાદ સમજાવે છે કે ઈશ્વરની નજીક જવા પ્રેમ, દયા ,કરુણા, નમ્રતા અને ભક્તિ જરૂરી છે બીજું કંઈ નહિ.

# ભ્રષ્ટાચાર માળખાકીય પ્રશ્ન છે

## કહેવાની વાત

**નેહા શાહ**

**પાછલાં પાંચ-સાત વર્ષના જ આ કિસ્સા જેમાં નિયમોનું ખુલ્લેઆમ થયેલું ઉલ્લંઘન.. શરૂઆતમાં આરોપીની ધરપકડ અને પછી વર્ષોનાં વર્ષો સુધી જામીન પર મુક્તિ !**

દિલ્લીના માલવીય નગરની 'ફ્લરીશ સ્ટે બી એન બી'નામની હોટેલમાં લાગેલી આગ ૨૧ લોકોને ભરખી ગઈ. એમાં ૧૩ વિદેશી નાગરિકો પણ હતાં. ૨૦૨૬ના વીતેલા પાંચ મહિના દરમિયાન દિલ્હીમાં જ ૭,૮૦૦થી વધુ આગની ઘટનાઓ નોંધાઈ જેમાં ઓછામાં ઓછા ૫૫ લોકોનાં મોત નોંધાયાં છે. શું આ અકસ્માત હતા કે માનવસર્જીત દુર્ઘટના? ઈલેક્ટ્રિકલ ખામીઓ, એસીમાં થતાં વિસ્ફોટો અને બિલ્ડિંગ નિયમોના ઉલ્લંઘનથી ઊભાં થતાં જોખમો અંગેની જાણકારી નવી તો નથી. બે વર્ષ પહેલાં રાજકોટના ટી.આર.પી. ગેમિંગ ઝોનમાં ૩૦ જણને ભરખી ગયેલી આગના અકસ્માતમાં શું થયું? ગેમિંગ ઝોનના માલિક અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં અધિકારીઓથી લઈને કથિત રીતે ગેરકાયદેસર બાંધકામ કરનાર દરેક વ્યક્તિ જામીન પર જેલની બહાર છે. કેસ ક્યારે ચાલશે એ ખબર નથી. એવી જ પરિસ્થિતિ ૨૨ વિદ્યાર્થીઓનાં મોત માટે જવાબદાર સુરતના તક્ષશિલા કોચિંગ સેન્ટરની આગ કે પછી ૪૩ લોકોનાં મોત માટે જવાબદાર દિલ્લીની અનાજમંડી આગની છે. કર્ણાટકના ફટાકડાની ફેકટરીમાં લાગેલી આગ, કોલકત્તાની હોસ્પિટલ, દિલ્હીની ચિલ્ડ્રન હોસ્પિટલ, અમદાવાદ અને રાજકોટની હોસ્પીટલના આઈ.સી.યુ., સિકંદરાબાદમાં ઈ-બાઈકના શો રૂમ વિગેરે.... વિગેરે.... પાછલાં પાંચ-સાત વર્ષના જ આ કિસ્સા જેમાં નિયમોનું ખુલ્લેઆમ થયેલું ઉલ્લંઘન.... શરૂઆતમાં આરોપીની ધરપકડ અને પછી વર્ષોનાં વર્ષો સુધી જામીન પર મુક્તિ! કાયદાનું ઉલ્લંઘન સસ્તું અને સરળ છે જ્યારે લોકોના જીવની સલામતી મોંઘી પડે છે. માત્ર નફો વધારવામાં વિકાસને શોધતા આપણા મોડેલમાં ભ્રષ્ટાચાર સર્વવ્યાપી હોવા પાછળનું આ રહસ્ય છે.

ભ્રષ્ટાચાર માત્ર અગ્નિશમન વ્યવસ્થા પૂરતો મર્યાદિત નથી. પાછલાં પાંચ વર્ષમાં જ ૪૦ થી વધારે તો પુલ જ તૂટ્યા છે. ચાર હજારથી વધુ ઔદ્યોગિક અકસ્માતો થયા છે જેમાં પાંસઠ સો થી વધુ શ્રમિકોએ જીવ ખોયા છે. પર્યાવરણના નિયમો નહિ પાળવાને કારણે કુદરતી હોનારતના નામે દર વર્ષે હજારો લોકો જીવ ગુમાવે છે. આ ઉપરાંત નીટની પરીક્ષાનું પેપર લીક થવું, સી.બી.એસ.સી. ની પરીક્ષામાં ગોટાળા થવા પણ ભ્રષ્ટાચારના જ નમૂના છે. પ્રશ્ન થોડા લોકોના બેઈમાન વ્યવહાર પૂરતો સીમિત નથી, પરંતુ બેઈમાની આપણી આર્થિક વ્યવસ્થાનો એક સામાન્ય ભાગ બની ગઈ છે. બજારની સ્પર્ધામાં ટકી રહેવા ખર્ચ ઘટાડવો પડે. સલામતીના નિયમો અને મજૂરોના હકો પાછળનો ખર્ચ ઘટાડવો સૌથી સરળ છે. જો કોઈ સત્તાની નજીક હોય, રાજકીય પ્રભાવ વાપરી શકાતા હોય તો લાંચ આપીને કે નિયમોને તોડવા મરોડવા આસાન છે. ચોપડા પર આવી ઘટના "અકસ્માત"તરીકે નોંધાય, પરંતુ હકીકતમાં તે લાંબા સમયથી ચાલતી બેદરકારી, નિયમોના ભંગ અને જવાબદારીના અભાવનું પરિણામ છે. એટલે, ભ્રષ્ટાચારને માત્ર વ્યક્તિગત નૈતિક નિષ્ફળતા તરીકે સમજવું પૂરતું નથી. જ્યાં માનવીય સુરક્ષા અને જાહેર હિત કરતાં નફા અને સત્તાના પ્રભાવનું મહત્ત્વ વધી જાય ત્યાં ભ્રષ્ટાચાર એક વ્યવસ્થાગત સમસ્યા છે.

ભ્રષ્ટ તંત્રને હલાવવાના પ્રયત્ન રૂપે ૨૦૧૧ -૧૨માં અન્ના હજારેના નેતૃત્વમાં આપણે ભ્રષ્ટાચાર વિરુદ્ધ આંદોલન જોયું. લાખો લોકોએ સમર્થન આપ્યું હતું. ભ્રષ્ટાચારમુક્ત ભારતનું સપનું હતું. આ આંદોલને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીના પરિણામમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. મનમોહનસિંહની કોંગ્રેસ સરકાર ગઈ અને નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભા.જ.પ. સરકાર આવી. બાર વર્ષથી આ જ સરકાર સત્તામાં છે, પણ શું ભ્રષ્ટાચાર પર અંકુશ આવ્યો છે ખરો?

સત્તા પક્ષ બદલાયો, માણસો બદલાયાં અને સરકારનો એજન્ડા પણ બદલાયો પણ ભ્રષ્ટાચારને જન્મ આપતી વ્યવસ્થા તો ત્યાંની ત્યાં જ છે. જે પણ દુર્ઘટના બની એ બધામાં કેટલીક વાત સામાન્ય હતી કે સલામતીનાં ધોરણો નેવે મુકાયાં, નિયમોનું પાલન ના થયું અથવા નિયમો જ બદલાઈ ગયા, જેની પર આરોપ લાગ્યા એ સંસ્થા/ કંપની સત્તા પક્ષની નજીક હોવાનું બહાર આવ્યું અને કેટલાક કેસમાં આરોપ લાગ્યા પછી પણ એ જ કંપનીને ફરી કોન્ટ્રાકટ મળ્યો! બેદરકારી આચરનાર કંપની, એને જાણ્યા પછી લાઈસન્સ આપનાર અધિકારી અને જેમની મહેરબાન નજર હેઠળ કારોબાર ચાલ્યો તે મંત્રી બધા જ ભ્રષ્ટ કહેવાય. આ બધી જ હકીકત જાહેરમાં હોવા છતાં કોઈ મંત્રી નૈતિક જવાબદારી સ્વીકારતાં નથી અને નૈતિકતાના ધોરણે રાજીનામું આપતા નથી. વ્યવસ્થામાં વણાઈ ગયેલો ભ્રષ્ટાચાર સાથે સૌ કોઈએ પોતાનું મન મનાવી લીધું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# જામનગરમાં સ્થપાશે ભારતનું પ્રથમ 'બિલ્ટ-ટુ-સૂટ' AI ડેટા સેન્ટર

**ભારતીય યુઝર્સનો ડેટા દેશની સરહદોની અંદર જ સ્ટોર થશે, જેથી ડેટા પ્રાઈવસી અને રાષ્ટ્રીય સુરક્ષા વધુ મજબૂત બનશે**

ટેકનોલોજીની વૈશ્વિક દોડમાં ભારત અને ખાસ કરીને ગુજરાત માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક ક્ષણ આવી ગઈ છે. સોશ્યલ મીડિયા ક્ષેત્રની વૈશ્વિક જાયન્ટ કંપની મેટા (Meta) અને ભારતની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે ભારતમાં સર્વપ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એનેબલ ડેટા સેન્ટર સ્થાપવા માટે સત્તાવાર અને વ્યૂહાત્મક કરાર થયા છે. ગુજરાતના ઔદ્યોગિક હબ ગણાતા જામનગરમાં આ મેગા પ્રોજેક્ટ આકાર લેશે, જે વૈશ્વિક સ્તરે ભારતની ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતાનો એક મજબૂત પુરાવો બનશે. આ ડીલથી માત્ર ભારતના ટેકનોલોજી જગતમાં જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે પણ ડિજિટલ મોનોપોલી અને આર્થિક સમીકરણોમાં મોટા પરિવર્તનના સંકેતો મળી રહ્યા છે. આ ઐતિહાસિક કરાર અંતર્ગત, મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ જામનગરમાં પોતાના વિશાળ હાઈપરસ્કેલ કેમ્પસમાં ૧૯૮ મેગાવોટની પ્રારંભિક ક્ષમતા ધરાવતું અત્યાધુનિક AI ડેટા સેન્ટર ઊભું કરશે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ જેવા વિશ્વપ્રસિદ્ધ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મની પેરેન્ટ કંપની 'મેટા' આ અત્યાધુનિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાને લાંબા ગાળાના લીઝ પર લેશે. આ મેગા પ્રોજેક્ટ આગામી બે વર્ષમાં સંપૂર્ણપણે કાર્યરત થઈ જશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ વ્યૂહાત્મક ડીલ બંને કોર્પોરેટ દિગ્ગજો વચ્ચેના જૂના અને અતૂટ વ્યાપારી સંબંધોને વધુ મજબૂત અને ગાઢ કરે છે.

આ ભાગીદારીની શરૂઆત વર્ષ ૨૦૦૨માં થઈ હતી, જ્યારે મેટાએ જિઓ પ્લેટફોર્મ્સમાં $૫.૭ બિલિયન (આશરે ૪૩,૫૭૪ કરોડ રૂપિયા) નું જંગી રોકાણ કરીને ટેક જગતને ચોંકાવી દીધું હતું.

હવે આ નવું ડેટા સેન્ટર તે સંબંધોને એક આગવા અને મજબૂત સ્તરે લઈ જશે. મેટાના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, જામનગરમાં આ વૈશ્વિક સ્તરની સુવિધા આપણને વૈશ્વિક સ્તરે આપણા AI ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સ્કેલ કરવામાં અપ્રતિમ મદદ કરશે અને ભારતની અર્થવ્યવસ્થામાં આપણા લાંબા ગાળાના રોકાણને વધુ ઊંડું અને અર્થપૂર્ણ કરશે.

સામાન્ય રીતે AI ડેટા સેન્ટર્સને ચોવીસે કલાક ચલાવવા અને તેના અતિ આધુનિક હેવી સર્વર્સને મેન્ટેન કરવા માટે અતિશય પાવર અને સતત હાઈ-લેવલ કૂલિંગ સિસ્ટમની જરૂર પડતી હોય છે, જેનાથી પર્યાવરણ પર મોટો કાર્બન ફૂટપ્રિન્ટ છોડાય છે. પરંતુ, આ ગંભીર સમસ્યાના કાયમી અને સસ્ટેનેબલ ઉકેલ માટે જામનગરનો આ પ્રોજેક્ટ સમગ્ર વિશ્વ માટે એક અનુકરણીય અને પ્રેરણાદાયી મોડેલ બનવા જઈ રહ્યો છે. આ ડેટા સેન્ટર સંપૂર્ણપણે પર્યાવરણને અનુકૂળ એવી ગ્રીન એનર્જીથી ચાલશે. મેટાએ ભારતમાં ક્લીનમેક્સ અને ફોર્થ પાર્ટનર એનર્જી જેવી દેશની અગ્રણી રિન્યુએબલ એનર્જી કંપનીઓ સાથે મળીને આશરે ૧ ગીગાવોટના ગ્રીન પાવર પ્રોજેક્ટ્સને બેક કર્યા છે, જેમાંથી આ સેન્ટરને અવિરત પાવર સપ્લાય મળશે.

પર્યાવરણની જાળવણી અને પાણીની બચત માટે સ્થાનિક મીઠા પાણીના સ્રોતોને સહેજ પણ અડક્યા વિના, ડિસેલિનેટેડ સીવોટર (કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા શુદ્ધ કરેલા દરિયાનાં પાણી) નો ઉપયોગ કૂલિંગ સિસ્ટમ માટે કરવામાં આવશે. જામનગરના આ સેન્ટરને મેટાના મહત્ત્વાકાંક્ષી અન્ડરવોટર (સબસી) કેબલ નેટવર્ક સાથે સીધું લિંક કરવામાં આવશે, જે વિશ્વની સૌથી લાંબી દરિયાઈ કેબલ સિસ્ટમ્સમાંની એક છે. આના કારણે ડેટા ટ્રાન્સફરની સ્પીડ અકલ્પનીય રીતે વધી જશે અને લેટન્સી રેટ નહિવત્ થઈ જશે. આ હાઈ-ટેક ડેટા સેન્ટરના સ્થાપનથી માત્ર રિલાયન્સ કે મેટાને જ નહીં, પરંતુ દેશનાં કરોડો ડિજિટલ યુઝર્સ અને એકંદર ભારતીય અર્થતંત્રને વ્યાપક અને લાંબા ગાળાના ફાયદા થશેઃ

1. સૌથી મોટો ફાયદો એ થશે કે ભારતીય યુઝર્સનો પર્સનલ અને બિઝનેસ ડેટા દેશની ભૌગોલિક સરહદોની અંદર જ સ્ટોર થશે.

ડેટા સ્થાનિક સ્તરે જ સંગ્રહિત થવાના કારણે રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત બનશે અને ભારત સરકારના ડેટા પ્રાઈવસીના કડક નિયમોનું પાલન સરળ બનશે.

2. સ્થાનિક સ્તરે જ હાઈ-કોમ્પ્યુટિંગ પાવર અને સુપર ફાસ્ટ સર્વર ઉપલબ્ધ થવાથી ભારતમાં મેટાના પ્લેટફોર્મ્સ (જેમ કે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ) પર ઉપલબ્ધ AI ફીચર્સ અત્યંત ઝડપી, લેગ-ફ્રી અને યુઝર-ફ્રેન્ડલી બની જશે.

3. મેટા તેના ઓપન-સોર્સ AI મોડલ 'લામા' (Llama) ને ગુજરાતી, હિન્દી, મરાઠી, બંગાળી અને તમિલ સહિતની વિવિધ ભારતીય પ્રાદેશિક ભાષાઓમાં વધુ સચોટ રીતે ટ્રેન કરી શકશે. પરિણામે સ્થાનિક ભાષાઓમાં ટેકનોલોજીનો વ્યાપ છેવાડાના માનવી સુધી પહોંચશે.

4. આ પ્રોજેક્ટના કારણે ગુજરાતમાં આઈટી એન્જિનિયર્સ, ડેટા સાયન્ટિસ્ટ, નેટવર્ક એક્સપર્ટ્સ, સાયબર સિક્યોરિટી સ્પેશિયાલિસ્ટ અને ટેકનિકલ આર્કિટેક્ટ્સ માટે હજારો ઉચ્ચ સ્તરીય અને મોટો પગાર ધરાવતી ગ્લોબલ રોજગારીની તકોનાં દ્વાર ખૂલશે.

ગાંધીનગરના ગિફ્ટ સિટી (GIFT City) ની આંતરરાષ્ટ્રીય સફળતા અને સાણંદના સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સની સ્થાપના પછી હવે જામનગરનું આ પ્રથમ 'બિલ્ટ-ટુ-સૂટ' AI ડેટા સેન્ટર સાબિત કરે છે કે ગુજરાત પોતાની 'પ્રો-બિઝનેસ પોલિસી' અને અત્યાધુનિક વર્લ્ડ-ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં દેશભરમાં અગ્રેસર છે. આ ડીલ અંગે ભારે ઉત્સાહ અને ખુશી વ્યક્ત કરતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે, મેટા જેવી વૈશ્વિક સ્કેલની અગ્રણી કંપની માટે ભારતનું પ્રથમ બિલ્ટ-ટુ-સૂટ AI ડેટા સેન્ટર બનાવવું એ દર્શાવે છે કે ભારત વૈશ્વિક AI ક્રાંતિમાં માત્ર એક સામાન્ય સહભાગી નથી, પરંતુ તેનું નેતૃત્વ કરવા માટે સંપૂર્ણ રીતે સજ્જ અને સક્ષમ છે.

આ મેગા પ્રોજેક્ટ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયા અભિયાન અને ભારતમાં ટેકનોલોજીકલ ક્ષેત્રે આત્મનિર્ભરતા લાવવાના વિઝનને એક નવી ઊંચાઈ અને વૈશ્વિક ઓળખ આપશે.

આગામી દિવસોમાં ગુજરાત માત્ર મેન્યુફેક્ચરિંગ કે હેવી ઈન્ડસ્ટ્રીઝનું જ હબ નહીં રહે, પરંતુ વૈશ્વિક સ્તરે 'ગ્લોબલ AI ઈન્ટેલિજન્સ' નું પણ એક મુખ્ય કેન્દ્રબિંદુ બનવા જઈ રહ્યું છે, જે આગામી દાયકાઓમાં ભારતની આર્થિક પ્રગતિ અને જીડીપીને નવી ગતિ આપશે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## પોલીસ કર્મચારીઓ પર્યાવરણના સાચા રખેવાળ

વિશ્વ પર્યાવરણ દિને, આપણા અખબાર,"ગુજરાતમિત્ર" એ પ્રસિદ્ધ કરેલ કેટલીક ઈમારતના રંગીન ફોટા જોતાં જ દિલ પ્રસન્ન થઈ ગયું. એથી પણ વધુ આનંદ, સાથેનું લખાણ વાંચતા થયો.

શહેરના કેટલાક પોલીસ સ્ટેશનના મકાન અને આજુબાજુની જગ્યા આંખને ઠારી દે એવી હરીયાળી આચ્છાદિત બની ગઈ. એનુ સંપૂર્ણ શ્રેય જે તે પોલીસ સ્ટેશનના પુરા સ્ટાફને જાય છે. એમને ખરેખર સલામ! આ જોઈને, આ ચોમાસુંના આગમનની તૈયારી છે ત્યારે, અન્ય સરકારી કે જાહેર સંસ્થાઓ, શાળા, કોલેજમાં એમના મકાન અને કંપાઉન્ડમાં વૃક્ષો વાવી, એનું જતન કરી, સાચા અર્થમાં લીલુંછમ સુરત બનાવીએ.

કુદરતના અનેક ઉપકારનું ઋણ ઉતારવાના અવસર રૂપે આપણાં

શહેરને હરિયાળું બનાવવા માટે મંડી પડીએ.

જેમણે એમના કામથી આપણા સૌમાં પ્રેરણાનો સંચાર કર્યો, એમનું રાજ્ય સરકારે સન્માન કરવું ઉચિત રહેશે, જેથી વૃક્ષો વાવવાની પ્રવૃત્તિને વધુ વેગ મળશે.

**સુરત -ભુપેન્દ્ર રાયજી**

## શું આઈ.એ.એસ અધિકારીઓને તાલીમની જરૂર છે?

તાજેતરમાં તાપી જિલ્લા પંચાયત, તાપી - વ્યારાના પ્રમુખશ્રીની ચેમ્બરમાં જવાનું થયું. આ દરમિયાન પ્રમુખશ્રીના પી.એ. આવ્યા. તેમણે પ્રમુખશ્રીને કહયું કે DDO સાહેબ બોલાવે છે.

આ સાંભળી મને આશ્ચર્ય થયું. DDO સરકારી નોકર છે. પ્રમુખશ્રી ચૂંટાયેલા પદાધિકારી છે. ૫૦ વરસના મારા જાહેર જીવનમાં આવુ મેં જોયું નથી. સરકારે આઈ.એ.એસ અધિકારીઓને લોકશાહી, પ્રજાસત્તાક, પંચાયતરાજ વિશે તાલીમ આપવી જોઈએ. પ્રોટોકોલ શું છે તેની પણ તાલીમ આપવી જોઈએ. અધિકારીઓ આદિવાસી પ્રમુખ હોવાથી આવુ વર્તન કરતા હશે. આવા અધિકારીઓને સરકારે આદિવાસી વિસ્તાર અને આદિવાસીઓની વચ્ચે ન મૂકવા જોઈએ. આવા અધિકારીઓ આદિવાસીઓ માટે, લોકશાહી માટે, પંચાયત રાજ માટે કલંકરૂપ છે.

**વ્યારા -અમરસિંહ ચૌધરી**

## વેકેશન વાચનોત્સવ ૨૦૨૬

શ્રી સયાજી વૈભવ પુસ્તકાલયમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓમાં બાળક યુવાનો ઉત્સાહભેર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યાં છે. ઉનાળામાં શાળાના અને કોલેજના વેકેશન દરમિયાન શ્રી સયાજી વૈભવ પુસ્તકાલયમાં બાળકો અને યુવાનો પુસ્તક વાચનની પ્રવૃત્તિ કરે છે અને તેઓને વિશેષ પુરસ્કાર આપવામાં આવે છે. તા. 23-4-26 થી વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. બીજી પ્રવૃત્તિમાં વિશ્વકોષ સાથે 50 કલાક અભ્યાસ કરવાવાળાને પણ પ્રોત્સાહન આપવા માટે ઈનામ આપવામાં આવે છે. આ ઉપરાંત બુધ્ધિ, તક, કલ્પના વિસ્તારનારી રમતો પણ યોજાય છે. બાળકો માટે ખાસ 3 લઘુ નાટકોનું આયોજન કરવામા આવ્યું છે.

1. તીન બંદર-પ્રબોધ જોશી
2. બેક ટુ સ્કૂલ-તારક મહેતા
3. અંધેરી નગરી ને ગંડુ રાજા-ભારતેન્દુ હરિચંદ્ર. આ ઉપરાંત વાર્તાકથન અને તેની ચર્ચાનો કાર્યક્રમ પણ થાય છે. જેમાં વાલીઓ પણ આવકાર્ય છે. બીજી પ્રવૃત્તિઓમાં હરિયાલી હસ્કતલા પાંદડાની સજાવટ, ક્રાફ્ટ ન્યુઝ પેપર બેગ, વાર્તા રે વાર્તા (વાર્તાઃ બાળગીતો અને જોડકણાં સાથે) પત્રાળા, લીફ પ્લેઈટ બનાવવી, હાથ દ્વારા પુનર્જીવન કટોકટી દરમિયાનની સારવાર, બાળકોને બેંક મુલાકાત (સ્લીપ ભરવી, પાસબુક, ચેકબુક, ડિમાન્ડ ડ્રાફ્ટ વગેરે બેંકિંગ વિશે પ્રાથમિક માહિતી આપવાની પ્રવૃત્તિ પણ ચાલે છે. આ બધી પ્રવૃત્તિઓ ખાસ માર્ગદર્શકની નેતાગીરી હેઠળ ચાલે છે. એમાં ડોક્ટર, પ્રોફેસર અને ખાસ નિષ્ણાત માણસો કામ કરી રહ્યાં છે. આ પ્રવૃત્તિઓ ઉનાળાની ગરમીથી વિદ્યાર્થીઓને બચાવશે અને બાળકો, યુવાનોને વધુ જાણવાનું મળશે એ નિઃશંક છે. આ બધી પ્રવૃત્તિઓ તા. 21-6-26 પહેલાં થશે. 21-6-26 દિને વેકેશન વાચનોત્સવનું સમાપન શ્રીમતી ગિરિમા ધારેખાનના પ્રમુખસ્થાને થશે. તેઓ અમદાવાદના પ્રસિધ્ધ બાળ વાર્તાકાર છે.

**નવસારી - મહેશ નાયક**

## કંઈક ન સમજાય એવું ચલણ

એક સમય હતો જ્યારે નવજાત બાળકના નામકરણ પ્રસંગે ખૂબ કાળજી લેવામાં આવતી. બાળકના જીવનમાં સારા ગુણો વિકસે અને તે વિશિષ્ટ વ્યક્તિત્વનો માલિક બને તે હેતુથી તેનું નામ રાખવામાં આવતું.એવી કહેવત પણ છે કે "નામ તેવા ગુણ."

પરંતુ આજના સમયમાં અલગ ઓળખ ઉભી કરવાની હોડમાં નામકરણની દિશા બદલાતી જોવા મળે છે. લોકો હવે પરંપરાગત અને અર્થસભર નામોને બદલે હટકે અને ચોંકાવનારા નામો પસંદ કરે છે. ઉદાહરણ તરીકે, નવી દુકાનનું નામ "બેવકૂફ" અથવા "રોંગ" રાખવામાં આવે છે. રાજકારણમાં પણ એક પક્ષે પોતાનું નામ "કોંકરોચ" રાખીને સૌનું ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો.

વિચિત્ર વાત એ છે કે જે શબ્દો અગાઉ નકારાત્મક ગુણો અથવા અણગમતી બાબતોના પ્રતિક માનવામાં આવતા હતા, તે જ શબ્દો આજે વિશિષ્ટતા અને પ્રસિદ્ધિ મેળવવાનું સાધન બની રહ્યા છે. લોકો અર્થ કરતાં વધુ ધ્યાન આકર્ષણને મહત્વ આપવા લાગ્યા છે.

આ બદલાતું નામકરણ માત્ર એક ફેશન નથી, પરંતુ આજના સમાજની બદલાતી માનસિકતા, અલગ દેખાવાની ઈચ્છા અને પ્રસિદ્ધિ મેળવવાની તીવ્ર લાલસાનું પ્રતિબિંબ છે. સમય બદલાય છે, વિચારો બદલાય છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું માત્ર અલગ દેખાવું જ પૂરતું છે કે નામ પાછળનો અર્થ અને મૂલ્ય પણ એટલું જ મહત્વ ધરાવે છે?

**સુરત -સીમા પરીખ**

## સુરતની ચમક પાછળ છુપાતું અપરાધનું કાળું સત્ય

વિકાસ, રોજગાર અને આધુનિક સુવિધાઓ માટે વખણાતું શહેર હવે વધતી ગુનાખોરીના કારણે ચર્ચામાં છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં હત્યા, લૂંટ, મહિલાઓ અને બાળકીઓ સામેના અત્યાચાર તેમજ સમાજમાં અસુરક્ષા ફેલાવતી ઘટનાઓએ શહેરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. માત્ર પાંચ મહિનાના ગાળામાં હત્યાના બનાવો અડધી સદી પાર કરી ગયા હોવાના અહેવાલો ચિંતાજનક છે. આ સાથે મહિલાઓ અને બાળકીઓની સુરક્ષા પણ મોટો પ્રશ્ન બની રહી છે. પાંડેસરા વિસ્તારમાં ૧૨ વર્ષની બાળકી સાથે થયેલી ઘૃણાસ્પદ છેડતીની ઘટના સમગ્ર સમાજને ઝંઝોળી નાખે તેવી છે. એક માસૂમ બાળકી પોતાના જ ઘરમાં સુરક્ષિત ન રહે તો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ગંભીર આત્મચિંતનની જરૂર છે.

આવા બનાવોના આરોપીઓને ઝડપથી કડક સજા મળે તે જરૂરી છે.

સુરત માત્ર ઉદ્યોગોનું શહેર નથી, પરંતુ લાખો પરિવારોના સપનાઓનું શહેર છે. આ શહેરની શાંતિ, સુરક્ષા અને સામાજિક સમરસતા જાળવવી પોલીસ, પ્રશાસન અને જનપ્રતિનિધિઓની સંયુક્ત જવાબદારી છે. હવે સમય આવી ગયો છે કે તંત્ર માત્ર નિવેદનો સુધી સીમિત ન રહે, પરંતુ કડક અને અસરકારક પગલાં ભરીને નાગરિકોને ન્યાય અને સુરક્ષાની ખાતરી આપે. સુરતને અપરાધના વધતા સાયામાંથી બહાર લાવવું આજની સૌથી મોટી જરૂરિયાત છે.

**સુરત -કાંતિલાલ માંડોત**